# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## માસ્ટર ઑફ જૈનિઝમ્ દ્વિતીય વર્ષ - ૧

## પ્રશ્ન પત્ર

જુન ૨૦૨૧
પ્રથમ સત્ર
ગુણાંક ૫૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓકટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પ્રથમ બે અધ્યાયમાંથી લખવાનો છે.

૨૫

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો**

૧. વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્ર ની વિશેષતાથી...................... તફાવત પડે છે.
૨. અનુત્સાહથી જેમ તેમ ભાવ રહિત પણે પૌષધ ની વિધી પૂર્ણ કરવી તે ................. અતિચાર ચે.
૩. સંસાર નો મહેલ...................... ના પાયા ઉપર ટકેલો છે.
૪. સામાયિક, દેસાવગાસિક, પોષધ અને અતિથિ સંવિભાગ વ્રત એ ચાર વ્રતો.................... કહેવાય છે.
૫. સંયમની સાધનાજ................... અપાવી મોક્ષની મંઝિલે પહોચાડે છે.
૬. જ્ઞાન, જ્ઞાનના સાધનો નો વિનય ન કરવો, અન્ય વ્યક્તિ ઓ સામે જ્ઞાન ન પ્રકાશવું, તેના ગુણો ન જણાવવા તે........... છે.
૭. જીવનમાં જો.................... ન આવે તો ઇર્ષ્યાદિ ભાવો મજબૂત બને છે.
૮. તપાદિ આરાધના ના બળે હું ઇન્દ્ર બનું, દેવ બનું, ચક્રવતી આદિ બનું એવી ઇચ્છા રાખવાથી .............. અતિચાર લાગે છે.
૯. દુષ્ટ ભાવ યુક્ત એટલેજ ખરાબ-ખોટા ભાવથી કરાતો કાયા નો વ્યાપાર તે .................... કહેવાય છે.
૧૦. પરમાત્મા પ્રરૂપિત શાસ્ત્રો તે ..................... છે.
૧૧. જીવ.................. મુક્ત થયા વિના વ્રતોને ગ્રહણ કરે તો પણ એ વ્રતો નું ફળ એને મળવું જોઇએ એ મળી શકે નહિં
૧૨. .................. અને શુભ દ્રવ્યાદિ ના આધારે તીવ્ર રસપૂર્વક પુણ્ય નો બંધ થાય છે.
૧૩. ચોર ને ચોરી ના કાર્ય માં પ્રેરણા કરવી તે .................. નામે અતિચાર છે.
૧૪. .................. ની નબળાઇ તેથી કર્મ બંધ માં મંદતા.
૧૫. તીર્થંકર પરમાત્મા પ્રથમ...................... દેશના આપે છે.
૧૬. મનોવર્ગણાના પુદ્ગલો ના ત્યાગ થી જે વિચાર કરવાની ક્રિયા થાય તે ................... અધિકરણ છે.
૧૭. સંવેગ અને વૈરાગ્ય ને દૃઢ કરવા માટે ................. અને ................ ના સ્વભાવ નું ચિંતન અનિવાર્ય બને છે.
૧૮. જીવોને અભયદાન આપવા વસ્તુ મુકવાના સ્થાન નું નિરીક્ષણ બરાબર ન કરવામાં આવે તો ............... નામે અધિકરણ બને છે.
૧૯. સામાયિકમાં સાવદ્ય, નિરર્થક, હાનિકારક વચનો બોલવા તે ................... નામે અતિચાર છે.
૨૦. વૈક્રિય કાયા દ્વારા થતો આત્મશક્તિ નો ઉપયોગ એ......................... છે.
૨૧. પરસ્ત્રીગમન................... ની વ્યાકુળતા નિર્માણ કરનાર છે.
૨૨. ................ ની મર્યાદા થાય તો જીવ વિરાધનામાં પણ મર્યાદા આવે છે તેથી પાપથી નિવૃતિ થાય છે.
૨૩. સંસારિક ભોગ સુખો સાચા સુખને બદલે દુ:ખનાજ સાધન બને છે. આ સાધનોથી સતત ભય પામતા રહેવું એની લાલચ માં કયારેય ન આવવું એ ...................... છે.
૨૪. ............. અને ................ અધિક બંધાય તેથી કર્મ લાંબા સમય સુધી ટકે અને જ્યારે ફળ આપે ત્યારે એની તીવ્રતા પણ અધિક હોય.
૨૫. કોઇના જાણેલા રહસ્ય કે ગુપ્તવાત ને જાહેર કરવી અથવા એના ચાડી-ચુગલી કરીને બે વ્યક્તિઓના સંબધ તોડવા તે ...................... નામે અતિચાર છે.

૨૫

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.**

૧. વિકલેન્દ્રિય જીવ કેટલા યોગ સાથે જન્મે છે ?
૨. કઈ અપેક્ષા એ દાનના અનુકંપાદાન અને સુપાત્રદાન એવા ભેદ છે ?

૩. આત્મા ના સ્વરૂપ નો ઘાત કરનાર કોણ છે ?

૪. સાદુ માટે કલ્પનીય આહાર આદિ પોતાના હોવા છતા ન આપવા ની બુદ્ધિથી આ દ્રવ્ય પારકું છે એમ કહીને છૂટા થવું તે કયો અતિચાર છે ?

૫. શેનો ભય જીવને પાપોથી પાછો વાળે છે ?

૬. એઠા મોઠે બોલવાથી, અક્ષરવાળી વસ્તુઓ ખાવાથી શેની આશાતના થાય છે ?

૭. વૈરાગ્ય ની વૃદ્ધિ કરવા અને પુષ્ટિ કરવાના માર્ગ રૂપે શેના સ્વભાવના ચિંતન ની વાત મૂકવામાં આવી છે ?

૮. કયો કર્મ બંધ કષાય રહિત ક્રિયા વડે થાય છે ?

૯. અરિહંત પરમાત્મા ની વાણી ને સારી રીતે જાણનાર એટલેજ ઘણા શાસ્ત્રોને જાણનાર શું કહેવાય છે ?

૧૦. કયા ગુણસ્થાન સુધી સાધુને દ્રવ્ય હિંસા સંભવે છે ?

૧૧. શેના કારણે વિવિધ ક્રિયાઓ સાંપરાયિક આશ્રવ બને છે ?

૧૨. કઇ ક્રિયા દરમ્યાન આત્મા ની સંપૂર્ણ વિસ્મૃતિ થઇ જાય છે ?

૧૩. વ્યક્તિ ના મૃત્યુ પછી એના ગુણો ને યાદ કરી દીન-હીન બની બીજાને દયા આવે એ રીતે રૂદનાદિ કરવું એ શું છે ?

૧૪. સામાયિક, દેસાવગાસિક, પૌષધ અને અતિથિ સંવિભાગ વ્રત એ ચાર વ્રતો સંયમ જીવનના આસ્વાદન, અનુભવ અને અભ્યાસ સ્વરૂપ હોવાથી તેને શું કહેવાય છે ?

૧૫. કયો સંપૂર્ણ ગ્રંથ જિન શાસન ના અમાપ જ્ઞાન નો પરિચય કરાવનાર છે ?

૧૬. જીવ અધિકરણ ના કયા ભેદ માં હિંસા-ચોરી આદિ ક્રિયા બીજા પાસ થી કરાવવી તે છે ?

૧૭. પરપ્રસંશા, આત્મનિંદા આદિ તથા નમ્રવૃતિ અને નિરભિમાનતા કયા કર્મ ના બંધ હેતુ છે ?

૧૮. સાધક ને ઇર્ષ્યાદિ ભાવો અને એના કારણે જીવનમાં પ્રવેશતા હિંસાદિ થી બચવું હોય તો જીવનમાં કઇ ભાવના વિકસાવવી અત્યંત આવશ્યક છે ?

૧૯. સર્વ પ્રકાર ના સાવદ્ય યોગો ના ત્યાગથી શેની પ્રાપ્તિ થાય છે ?

૨૦. કયા કર્મ ના ક્ષયપોશમથી જીવમાં શક્તિ પ્રગટ થાય છે ?

૨૧. નિર્લજ્જ પણે સંબંધ વિનાની બોલ બોલ કરવી તે કયો અતિચાર છે ?

૨૨. સંયમ જ્યારે સંજવલનાદિ કષાય થી યુક્ત હોય ત્યારે તે શું કહેવાય છે ?

૨૩. જિન પ્રવચનમાં એવં ધર્મ ફળ ની શ્રદ્ધા માં સ્થિરતાનો અભાવ હોય તો કયો અતિચાર લાગે ?

૨૪. સમ્યગ્ જ્ઞાન, જિનવાણી, તત્વજ્ઞાનાદિ પ્રત્યે અરુચિ થવી, વાચના, વખ્યાનાદિ પ્રતિ કંટાળો, તત્વજ્ઞાન ભણવામાં ગાથાઓ ગોખવામાં ઉત્સાહ ન જાગવો આદિ નો સમાવેશ શેમાં થાય છે ?

૨૫. જ્યારે કર્મ બંધાય ત્યારે રસબંધ શેના કારણે થાય છે ?

પ્રશ્ન-૩ **વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૦ થી ૧૫ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. અહિંસા પરમોધર્મ (હિંસાની વ્યાખ્યા, સ્વરુપ, હિંસકવૃતિ, હિંસા થી નિવૃત્તિ, અહિંસા ની પ્રધાનતા, રાત્રિભોજન ત્યાગ, રઅહિંસા થી લાભ આદિ)

૨. વ્રત અને વ્રતી (વ્રતની વ્યાખ્યા, વ્રત ના ભેદ, ભાવનાઓં, ત્યાગ ધર્મ, યોગ્યતા, અતિચાર, જીવન માં વ્રત ની આવશ્યકતા કેમ ?)

૩. **દાનધર્મ ( દાન ની વ્યાખ્યા, દાન ના પ્રકાર, ભૂષણ, દૂષણ, મમત્વ નો ત્યાગ, દાન થી પ્રાપ્ત ઇહલૌકિક પરલૌકિક સુખ ઇ.)**

**નિબંધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્ની ઉપર - એ+ ૨) ૩૫ માર્કસ્ની ઉપર - એ ૩) ૩૦ માર્કસ્ની ઉપર - બી+

૪) ૨૫ માર્કસ્ની ઉપર - બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા - સી

જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંટા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com